# સાંદીપનિ - વાલ્મીકી - વેદવ્યાસ - અત્રિ - વશિષ્ટ- વિશ્વામિત્ર શાળા વિકાસ સંકુલ, મહેસાણા

## વાર્ષિક પરીક્ષા - ૨૦૨૪

તારીખ : ૧૩/૦૪/૨૦૨૪
વાર : શનિવાર

ધોરણ : ૧૧ વિષય : ગુજરાતી

કુલ ગુણ: ૮૦
સમય : ૩ કલાક

સૂચના : (1) બધા જ વિભાગ તથા પ્રશ્નો ફરજિયાત છે. (2) જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે. (3) પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો. (4) પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ કે નિશાની કરવી નહીં.

### વિભાગ - A (પદ્ય આધારિત)

★ **નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** 2

(1) 'ચકવાક મિથુન' કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) ઊર્મિકાવ્ય (B) ખંડકાવ્ય (C) સૉનેટ (D) લોકગીત

(2) 'એમ ઉગાર્યો ચન્દ્રહાસ' કાવ્યના કવિનું નામ શું છે ?

(A) ભાલણ (B) નરસિંહ મહેતા (C) પ્રેમાનંદ (D) અખો

★ **નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** 4

(3) અંતે કોણ નાવિકાના મનનું સમાધાન કરેછે ?

(4) ફળીનાં ઝાડવા કયાં જવાની વાતો કરે છે ?

(5) સમ્રાટ અશોકે કયા રાજ્ય પર વિજય મેળવ્યો હતો ?

(6) વધ સ્તંભ પર કોને જડી દેવામાં આવ્યા છે ?

★ **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ - ચાર વાક્યમાં ઉત્તર આપો.( પ્રત્યેકના 2 ગુણ)** 6

(7) 'ભજન કરે તે જીતે' કાવ્ય અનુસાર પછીતે પડ્યા રહેનારને કવિ શું કહે છે ?

(8) 'સહી નથી' ગઝલ મુજબ હજુ સુધી કોણ પાછું ફર્યું નથી ? શા માટે ?

(9) બાળપણમાં કવિ મિત્રો સાથે શું શું કરતા હતા ?

<u>અથવા</u>

(9) કવિ હાર-જીત કોને ગણાવે છે ?

★ **નીચે આપેલ પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.** 4

(10) અશોકનું પાત્રાલેખન કરો.

<u>અથવા</u>

(10) 'સીમ અને ઘર' સૉનેટનું કથાવસ્તુ તમારા શબ્દોમાં લખો.

### વિભાગ - B (ગદ્ય આધારિત)

★ **નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** 2

(11) 'જીભ' ગદ્યકૃતિનો સાહિત્યપ્રકાર જણાવો.

(A) ચરિત્ર નિબંધ (B) ચિંતનાત્મક નિબંધ (C) હાસ્ય નિબંધ (D) લલિત નિબંધ

(12) 'હુકમ, માલિક' પાઠના લેખકનું નામ જણાવો.

(A) મહેશ યાજ્ઞિક (B) ચિનુ મોદી (C) મુધરાય (D) વસુબહેન ભટ્ટ

★ **નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો.** 4

(13) રમણિકલાલના કુટુંબમાં કોણ કોણ હતું ?

(14) ઝીણા ભરવાડનું મૃત્યુ કઈ રીતે થયું હતું ?

(15) અધિકારને કેવા બૂટ લેવાનો અભરખો હતા ?

(16) ધૂળીએ પચીસ વીઘાં જમીનનું શું કર્યું ?

Master Classes Chirag Prajapati 98241 49146

★ નીચે આપેલા પ્રશ્નોના ત્રણ- ચાર વાક્યોમાં ઉત્તર લખો. 6

(17) અલીડોસાએ લક્ષ્મીદાસને કઈ ભલામણ કરી હતી ? શા માટે ?

(18) તોફાનદિનની ઊજવણી કરવાની હા કહ્યા પછી નાનાભાઈએ પ્રથમ શું કર્યું ? શા માટે ?

(19) બાપુલાલે નટના કર્તવ્ય અંગે જયશંકરને શું કહ્યું ?

અથવા

(19) ગુણિયલના અવસાન પછી બિહારી પર કેવી કેવી જવાબદારી આવી પડી ?

★ નીચે આપેલા પ્રશ્નાના સવિસ્તર ઉત્તર લખો. 4

(20) 'રેફરન્સ બુક' લઘુકથામાંથી પ્રગટતું 'બા' નું રેખાચિત્ર વર્ણવો.

અથવા

(20) "કર્મનો હિસાબ દરેકે ચૂકવવો જ પડે છે." આ વિધાન 'વાત એક શાપની' વાર્તાને આધારે સમજાવો.

## વિભાગ - C (વ્યાકરણ)

★ નીચેના વાક્યોમાં વિરામ ચિહ્નોનો ઉપયોગ કરી વાક્ય ફરીથી લખો. 2

(21) એક આ તારી ઝમકુ બીજો આ દીકરો ઝીણીઓ

(22) એક કહે હદ થાય હવે નહીં ભાંડુ વિજોગ ખમાતો

★ કૌંસમાં દર્શાવ્યા પ્રમાણે વાક્ય રૂપાંતર કરો. 2

(23) અલી ડોસો હૈયાફાટ રડ્યો. (ભાવે વાક્ય બનાવો)

(24) પાણી તો હવે દીકરીનું મોઢું જોઈને જ પીશ. (કર્મણિવાક્ય બનાવો)

★ કૌંસમાં દર્શાવ્યા પ્રમાણે વાક્ય પરિવર્તન કરો. 2

(25) અમે કાલે મહેસાણા આવવાના છીએ. (નિષેધવાક્ય બનાવો)

(26) બાળપણમાં સ્ટેચ્યૂ રમવાની ખૂબ મજા પડતી. (ઉદ્ગાર વાક્ય બનાવો)

★ નીચેના વાક્યમાં પ્રત્યય ખોટા વપરાયા હોય, તો સુધારી ફરીથી લખો. 1

(27) અમુથી પાંચીકામાં બહુ શોખ.

★ નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી, વાક્યમાં પ્રયોગ કરો. 1

(28) કાગને ડોળે રાહ જોવી -

★ નીચેના 'અ' વિભાગમાં આપેલા શબ્દોના સમાનાર્થી 'બ' વિભાગમાંથી શોધીને લખો. 1

| 'અ' વિભાગ | | 'બ' વિભાગ |
|---|---|---|
| (29) શુદ્ધ | - | તપકીર, છીંકણી |
| (30) બજર | - | નસીબ, ભાગ્ય |
| | - | નિર્મળ, પવિત્ર |

★ નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો. 1

(31) સાક્ષર (32) રાજી

★ નીચે આપેલા શબ્દો માટે યોગ્ય શબ્દસમૂહ આપો. 1

(33) રોજનીશી (34) અજાતશત્રુ

★ તળપદા શબ્દોનું શિષ્ટ રૂપ આપો. 1

(35) વિખ (36) અચરત

★ નીચેના વાક્યમાંથી સંયોજક શોધીને લખો. 1

(37) જ્યારે ગુસ્સો આવે ત્યારે મૌન રહેવું.

(38) ધૂળીની આ પાવનકથા મેં સાંભળી હતી પણ એને મળ્યો ન હતો.



Master Classes Chirag Prajapati 98241 49446

★ **નીચેના વાક્યોમાં કઈ વિભક્તિ વપરાઈ છે તે જણાવો.** 1

(39) રમેશ અગાશી ઉપરથી નીચે ઉતર્યો.

(40) મહેશ ચપ્પુથી શાક સમારે છે.

★ **નીચે આપેલા શબ્દોની જોડણી સુધારીને ફરીથી લખો.** 1

(41) રીશેષ (42) પ્રતીસ્થા

★ **નીચે આપેલા અનેકાર્થી શબ્દોનો અર્થભેદ લખો.** 2

(43) પાણી - પાણિ (44) પુર - પૂર

★ **નીચે આપેલા શબ્દોના અર્થ આપો.** 1

(45) વ્યોમ (46) રજની

## વિભાગ - D (અર્થગ્રહણ)

★ **નીચે આપેલ કાવ્ય વાંચી તેની નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર લખો.** 5

માધવ, વળતા આજ્યો હો !
એકવાર પ્રભુ ખબર અમારી લેતા જાજ્યો હો !
રાજમુગુટ પહેરો કે મોટા કરો ધનુષ ટંકાર,
મોરપિચ્છ ધરી જમના કાઠે વેણુ વાજ્યો હો !
અમને રૂપ હૃદય એક વસિયું ગમાર કહો તો સહીશું,
માખણ ચોરી, નાચણ પગલે નેણ લગાજ્યો હો !
રોકી કોણ શકે તમને પ્રભુ, રાખી પ્રાણ પરાણે
જોશું, વાટ અમારા વાવડ કદી પૂછાજયો હોં !

- મકરંદ દવે

પ્રશ્નો :

(47) આકાવ્યમાં 'માધવ' કોનું નામ છે ?

(48) 'ખબર' અમારી લેતા જાજ્યો' એવું કોણ કહે છે ?

(49) કૃષ્ણએ માથે શું ધારણ કર્યું છે ?

(50) ગોપી કેવી રીતે નયન લગાવવાની વાત કરે છે ?

(51) આ કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

★ **નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** 5

જ્ઞાન જ્યારે માનવીના મનને કોઈ ચોક્કસ માળખા સાથે પ્રતિબદ્ધ કરતીપરંપરાઓમાં પરિવર્તિત થાયછે ત્યારે તે હાનિકારક બને છે. કેમ કે એ માનવીઓને વિભાજીત કરે છે. તેમની વચ્ચે દુશ્મનાવટ સર્જે છે અને સત્યની ઊંડી શોધને અવરોધે છે. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ વ્યક્તિ તટસ્થ રીતે વિચારી શકે તથા સમસ્યાઓનો સમગ્ર રીતે ઉકેલ લાવવાની બુદ્ધિશક્તિ વિકસાવી શકે તે છે. વિચારો નહીં પણ વિચારોની પ્રક્રિયાનું શિક્ષણમાં મહત્ત્વનું સ્થાન છે. કેળવણીકારોએ તદ્દન આરંભથી પ્રેમની શક્તિનો એટલે કે નમ્રતા સૌજન્ય, વિચારશીલતા, ધૈર્ય અને વિવેકનો વિકાસ કરવો જોઈએ.

પ્રશ્નો :

(52) જ્ઞાન ક્યારે કરવો જોઈએ ? જ્ઞાન ક્યારે હાનિકારક નીવડે છે ?

(53) શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ શું છે ?

(54) શિક્ષણમાં શાનું સ્થાન મહત્ત્વનું છે ?

(55) કેળવણીકારોએ આરંભથી શાનોવિકાસ કરવો જોઈએ ?

(56) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

Master Classes Chirag Prajapati 98241 49446

## વિભાગ - E (લેખન સજ્જતા)

★ **નીચે આપેલા વિષય ઉપર આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો.** 5

(57) તમારી શાળામાં યોજાયેલ ધોરણ-12 ના વિદ્યાર્થીઓના વિદાય-સમારંભનો અહેવાલ લખો.

★ **નીચે આપેલી પંક્તિઓનો આશરે 100 શબ્દોમાં વિચાર વિસ્તાર લખો.** 5

(58) જુલ્ફ કેરા વળ સમી જિંદગીની ગૂંચો બધી;

માત્ર તેને યત્ન કેરી કાંસકી ઓળી શકે.

★ **નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર આપેલ મુદ્દાઓ આધારિત આશરે 200 શબ્દોમાં નિબંધ લખો.** 10

(59) મોબાઈલ ફોન - વરસાક કે અભિશાપ ? :

મુદ્દા :- પ્રસ્તાવના - મોબાઈલ ફોનની શોધ - ફાયદા - ગેરફાયદા - સમજપૂર્વકનો ઉપયોગ - જીવન વિકાસ - અતિરેક - જીવન વિનાશ - સમાપન.

અથવા

(59) દીકરો-દીકરી એકસમાન :

મુદ્દા :- દીકરાનું સમાજમાં સ્થાન - દીકરીનું સમાજમાં સ્થાન - દીકરાનું સ્થાન - દીકરી માટેની માન્યતાઓ - ઉદાસીનતા ઉપસંહાર.

અથવા

(57) વસંતનો વૈભવ :

મુદ્દા :- પ્રસ્તાવના - વિવિધ ઋતુઓ - કુદરતનું ઋતુચક્ર - પરિવર્તનો - વસંતનો વૈભવ - આનંદોત્સવ - પ્રકૃતિનો બદલાવ - ઉપસંહાર.

●●●●●

Master Classes Chirag Prajapati 9824149446